અપીલ અરજી નં.૦૧ તા.૧૩–૮–૧૮
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પીંકલ પી. ઘીવાળા
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પીંકલ પી. ઘીવાળાની (આઈડી નં.૩૨૯ વેસ્ટઝોન)તા.૭–૭–૧૮ની અરજીથી મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરાવામાં આવતાં ચા–પાણી–નાસ્તો–જમવા પાછળ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગત આપવી વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૩–૮–૧૮ની SMC/FAP/RTI CELL/નં.૦૧/૧૮–૧૯

અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળાની (આઈડી નં.૩૨૯ વેસ્ટઝોન)તા.૭–૭–૧૮ની અરજીથી મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરાવામાં આવતાં ચા–પાણી–નાસ્તો–જમવા પાછળ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગત આપવી વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે સમયમર્યાદામાં પ્રત્યુત્તર ન મળતાં નારાજ થઈ એપેલેટ ઓફિસર–રાંદેરઝોનમાં તા.૧૩–૮–૧૮ ના રોજ અપીલ કરવામાં આવેલ. સદર અપીલ વેસ્ટઝોનના કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી દ્વારા પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૨૨૬ તા.૩૧–૮–૧૮ થી સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન/ખાતાને દિન–૧૮ ના વિલંબથી તબદીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ પક્ષ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીને પત્ર નં. આરટીઆઈ સેલ/૧૭૭ તા.૧૮–૦૯–૧૮ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને **જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ** તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૩ તા.૧૯–૯–૧૮ના પત્રથી પૂરક વિગતોમાં આસી લો ઓફિસર અને સંકલન અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન) નો તબદીલી અંગેનો પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૮૭ તા.૨૦–૮–૧૮ ની નકલ, અરજદારશ્રીની તા.૦૭–૦૭–૧૮ ની મૂળ અરજીની નકલ, અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી અંગેનો પત્ર નં. આરટીઆઈ સેલ/૧૬૩ તા.૦૧–૦૯–૧૮ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળાની તા.૭–૭–૧૮ની આરટીઆઈ હેઠળની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને સંકલન અને આસી. લો ઓફિસર તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૮૭ તા.૨૦–૮–૧૮ થી તમામ ઝોન/ખાતામાં અને અત્રેના આરટીઆઈ સેલને આંશિક તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને **તા.૨૪–૮–૧૮ના** રોજ મળેલ. જેના અનુસંધાને અત્રેના ખાતાને અરજી મળ્યાના દિન–૯ માં જ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, **આરટીઆઈ સેલ તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૬૩ તા.૦૧–૦૯–૧૮થી** મુદ્દા નં.૧ થી ૫ માટે **" છેલ્લા પાંચ વર્ષમાં અત્રેના ખાતામાં ચા–પાણી–નાસ્તો–જમવા પાછળ કોઈ ખર્ચ કરવામાં આવેલ ન હોવાથી અત્રેના આરટીઆઈ સેલ ખાતાની માહિતી "નીલ" છે." એવું જણાવવામાં આવેલ.**

જાહેર માહિતી અધિકારી અને આસી. લો ઓફિસર–રાંદેરઝોન તરફથી દિન–૪૫ ના વિલંબથી **અરજી** તબદીલ કરતા અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર ન મળતા નારાજ થઈ એપેલેટ ઓફિસર–રાંદેરઝોન તા.૧૩–૮–૧૮ ના રોજ **અપીલ** કરવામાં આવેલ. સદર અપીલ વેસ્ટઝોનના કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી દ્વારા પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૨૨૬ તા.૩૧–૮–૧૮ થી સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન/ખાતાને દિન–૧૮ ના વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૧૧–૯–૧૮ ના રોજ મળેલ. અપીલ અરજી અત્રેના ખાતાને દિન–૨૯ ના વિલંબથી મળેલ હોય અપીલ અરજીના નિકાલમાં વિલંબ થયેલ છે.

અરજદારની તા.૦૭–૦૭–૧૮ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ દ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતાને લાગત અત્રેના ખાતામાં ઉપલબ્ધ સંપુર્ણ માહિતી પુરી પાડવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭–૦૭–૧૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને અરજી મળ્યાના દિન–૯ માં જ જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(Sd-)
(એન. ટી. પટેલ)
સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૮૪
તા. ૨૪–૦૯–૨૦૧૮

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી પીંકલ પી. ઘીવાળા

અપીલ અરજી નં.૦૨ તા.૨૮–૨–૧૯
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી તલ્હા ચાંદીવાલા
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી તલ્હા ચાંદીવાલાની આઈડી નં.૨૬૩૪ (સેન્ટ્રલઝોન–ના.સુ.કે.) તા.૨૮–૦૧–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૮–૨–૧૯ની અપીલ નં. SMC/FAP/RTI CELL/નં.૦૨/ ૧૮–૧૯

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની આઈડી નં.૨૬૩૪ (સેન્ટ્રલઝોન–ના.સુ.કે.) તા.૨૮–૦૧–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૨ ની માહિતી આપવા બાબતે સમયમર્યાદામાં પ્રત્યુત્તર ન મળતાં નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૨–૧૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી–નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી(તમામ ઝોન), ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી(શહેરી વિકાસ ખાતુ) તથા અત્રેના ખાતાને તબદીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ પક્ષ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીને પત્ર નં. આરટીઆઈ સેલ/૩૨૬ તા.૬–૦૩–૧૯ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને **જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ** તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૩૨૭ તા.૮–૩–૧૯ના પત્રથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી.–સેન્ટ્રલઝોન(ના.સુ.કે.) તરફથી તબદીલી અંગેનો પત્ર નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૬૩૪ તા.૨૯–૧–૧૯ની નકલ, અરજદારની તા.૨૮–૧–૧૯ની અરજીની નકલ, અરજદારને નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગે નમૂનો–ખ માં પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૭ તા.૭–૨–૧૯ની નકલ, અરજદાર દ્વારા નાણાં ભરપાઈ કર્યા અંગેની રસીદ નં.૩૦૦/૧૮૧ તા.૧૧–૨–૧૯ની નકલ તથા અરજદારને માહિતી રૂબરૂમાં આપી તે મળ્યા બદલની સહી કરેલ નકલ અત્રે મળેલ છે.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની આઈડી નં.૨૬૩૪ (સેન્ટ્રલઝોન–ના.સુ.કે.) તા.૨૮–૦૧–૧૯ની અરજીથી મુદ્દા નં ૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન–નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે કરવામાં આવેલ. જે એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૨૬૩૪ તા.૨૯–૧–૧૯ થી તમામ ઝોન, શહેર વિકાસ ખાતુ અને અત્રેના આરટીઆઈ સેલને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને **તા.૩૦–૧–૧૯ના** રોજ મળેલ. જેના અનુસંધાને નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, **આરટીઆઈ સેલ તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૨૯૭ તા.૦૭–૦૨–૧૯ થી " મુદ્દા નં.૧ :**– અત્રેના ખાતાને લાગુ પડતું ન હોવાથી **માહિતી આપવાનો પ્રશ્ન** ઉપસ્થિત થતો નથી. **મુદ્દા નં.૨ :**– ગુજરાત માહિતીનો અધિકાર નિયમો– ૨૦૧૦ જે હાલમાં અમલમાં છે તે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** ઉપર મુકવામાં આવેલ છે. જેમાંથી આપ સર્ફિંગ કરીને મેળવી શકો છો. અથવા તેની હાર્ડ કોપી મેળવવા માંગતા હોવ તો સદર નિયમો–૨૦૧૦ ના **નિયમ–૫ ના ગર્વમેન્ટ ગેઝેટની કોપીના ૧ પાનાના રૂા.૨/– લેખે ૧ પાનાના કુલ રૂા.૨/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી મળી શકશે."** એવું જણાવવામાં આવેલ.

ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીના તા.૦૭–૦૨–૧૯ના પત્રમાં જણાવ્યા અનુસાર અરજદાર તરફથી રૂા.૨/–(અંકે રૂપિયા બે પુરા) સેન્ટ્રલઝોનના નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે રસીદ નં.૩૦૦/૧૮૧ તા.૧૧–૨–૧૯ ના રોજ ભરપાઈ કરતા જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી અરજદારને

રૂબરૂમાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. અને અરજદાર દ્વારા સદર માહિતી મળ્યા બદલની સહી પણ મોબાઈલ નંબર સાથે આપવામાં આવેલ છે.

અરજદારની તા.૨૮–૦૧–૧૯ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ દ્વારા **આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતાને લાગત અત્રેના ખાતામાં ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.** આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૦૧–૧૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી નિયત સમયમર્યાદામાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો એકટની કલમ–૧૯(૩) મુજબ ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(Sd-)
(એન. ટી. પટેલ)
સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૩૪૨
તા. ૨૭–૦૩–૨૦૧૯

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી તલ્હા ચાંદીવાલા